**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં ગરમી સાથે શ્રીખંડ-મઠાની માંગ વધી

## ગુજરાતી ભોજનમાં શાક, પૂરી અને શ્રીખંડ પ્રથમ પસંદગી : મઠો પણ શ્રીખંડની જેમ જ લોકપ્રિય ગુજરાતી વાનગી ગણાય છે

ગાંધીનગર, તા.૨

શહેરીજનોએ ઋતુ પ્રમાણે ખાનપાનમાં પણ ફેરફાર કર્યા છે. ઉનાળાની ગરમીમાં શરીરને ઠંડક મળી રહે તેવી ચીજવસ્તુઓનો ભોજનની ડીશમાં સમાવેશ કર્યો છે. આમ તો ઠંડક આપતી ખાનપાનની વસ્તુઓમાં ઘણી બધી વેરાયટીઓ ઉપલબ્ધ હોય છે. જે પૈકીનું એક છે શ્રીખંડ અને મઠો. શહેરમાં ગરમીની શરૂઆત થતા ગૃહિણીઓ દ્વારા ભોજનની ડીશમાં ઠંડા ઠંડા સ્વાદિષ્ટ શ્રીખંડનો સમાવેશ કર્યો છે. શહેરમાં આઈસક્રીમની દુકાનોમાં પણ વિવિધ ફલેવરમાં શ્રીખંડ ઉપલબ્ધ થઈ ગયા છે. જેવા કે કેસર, મેંગો, ઈલાયચી, કાજુ, ગુલકંદ, ડ્રાયફ્રુટ, રાજભોગ, કેસર ઈલાયચી વિગેરે શ્રીખંડની ડિમાન્ડ રહેતી હોય છે.

શ્રીખંડ એ દહીંમાંથી બનતી એક ભારતીય મીઠાઈ છે. પારંપરિક ગુજરાતી ભોજનનું આ એક મુખ્ય મિષ્ઠાન છે. જેની બનાવટ એકદમ સહેલી છે પણ તેને બનતા ઘણી વાર લાગે છે. આની બનાવટમાં દહીંને એક પોટલીમાં બાંધીને લટકાવી દેવામાં આવે છે જેથી તેમાં રહેલું પાણી નીતરી જાય અને એક જાડા દહીંનું નિર્માણ થાય છે. તેમાં સુકામેવા, તાજા ફળો, ઉમેરવામાં આવે છે.





ગુજરાતી ભોજનમાં પૂરી, શ્રીખંડ અને સૂકી ભાજી ઉનાળાની સિઝનમાં ઘરે ઘરે ખવાતું હોય છે. શાકાહારી ગુજરાતી થાળીના એક ભાગ તરીકે હોટલમાં સામાન્ય રીતે પીરસવામાં આવે છે. લગ્નસમારંભમાં આ વાનગી લોકપ્રિય છે. તીખાં મસાલેદાર શાક જેવી વાનગીઓનો આ પ્રતિ આહાર બની જાય છે. મઠો પણ શ્રીખંડની જેમ જ લોકપ્રિય ગુજરાતી વાનગી ગણાય છે. મઠોમાં તાજા ફળોના ટુકડા અવશ્ય નંખાય છે. તેમાં તમારી કલ્પના સાથે જોઈએ તેટલી વિવિધતા આણી શકાય છે.

નાના બાળકોથી લઈ તમામ વયજૂથમાં શ્રીખંડ મનપસંદ હોય છે. ઉનાળા દરમિયાન ગૃહિણીઓ પણ હવે ઘરે જ આ વાનગી બનાવીને ભોજનમાં પીરસે છે. મોંઘવારીમાં દરેક ચીજવસ્તુઓના ભાવ વધવાથી શ્રીખંડના ભાવમાં પણ વધારો થયો છે તેથી માર્કેટમાં મળતા શ્રીખંડનો ઉપયોગ ન કરવા કરતા જાતે જ હોમ મેઈડ શ્રીખંડ બનાવી ગૃહિણીઓ દ્વારા પરિવારના સ્વાસ્થ્યની કાળજીને પણ ધ્યાનમાં લેવામાં આવી રહી છે. ભેળસેળવાળી વસ્તુઓથી ચેતવા માટે નાગરિકો હવે ઘરે જ રેસીપીઓ બનાવવાનું પસંદ કરતા થયા છે. જો કે દુકાનોમાંથી મોટી માત્રામાં શ્રીખંડની ખરીદી જોવા મળતી હોય છે. ઉનાળા દરમિયાન લગ્નસરાની સિઝનમાં સૌથી વધારે ઠંડી ચીજવસ્તુઓમાં શ્રીખંડ, મઠો, આઈસક્રીમનું ધૂમ વેચાણ થાય છે.

## જન્મદિને વધામણી



જિગર બી પ્રજાપતિ
આસી. એન્જિનીયર, સચિવાલય
મો. ૯૮૨૫૮ ૫૧૦૧૧



ભૂમિ દેવેન્દ્રકુમાર પરમાર
મો. ૯૧૨૩૨ ૧૯૨૩૧



વ્યાસ વનશ્રી
નીલકંઠ શાસ્ત્રી



સેકટર-૨-બીમાં ગુડી પાડવાની ઉજવણી કરવામાં આવી હતી.

## આજે સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ના બગીચામાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨

સંસ્કાર ગ્રુપ દ્વારા રવિવારે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને ગરમીથી બચવા સારસંભાળ રાખવી, અબોલ જીવો માટે મારાથી શું કરી શકાય, ચૈત્ર મહિનામાં લીમડાના મ્હોરનું મહત્વ અને ફાયદા વિશેની જાણકારી આપવામાં આવશે. આ પ્રવૃત્તિ સેકટર-૭ બગીચો, સુવિધા કચેરી પાસે સવારે ૯.૩૦થી ૧૦.૦૦ વાગ્યે યોજાશે.

## આજે અડાલજ ખાતે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૩ માર્ચે ચંદ્રકાન્ત ગણપતલાલ પરમારના નિવાસસ્થાને આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પાર્શ્વનાથ રોયલ રેસીડેન્સી પંપની સામે, શ્રીનાથ બંગ્લોઝની આગળ, અડાલજ ખાતે બપોરે ૧થી૪ કલાકે યોજાશે. સર્વે ભાવિ ભકતોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લાયોનેસ કલબ દ્વારા બોરીજની સરકારી શાળાના ૨૦૦ બાળકોને પગરખાનું વિતરણ



ગાંધીનગર, તા.૨

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સમયાંતરે સેવાકીય કાર્યો થકી સમાજમાં અભાવગ્રસ્ત વ્યકિતઓની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં આવે છે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સરકારી શાળાઓમાં ભણતા ગરીબ બાળકોને પગરખા વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બોરીજ ગામની નવાપુરા સ્થિત સરકારી શાળાના ૨૦૦ બાળકોને લાયોનેસ કલબ દ્વારા પગરખા વિતરણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણા, સેક્રેટરી ઉષાબેન ટાટુ તથા લાયોનેસ કલબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના આચાર્ય જવાહરભાઈ બોદર, મદદનીશ આચાર્ય તથા કાર્યક્રમના સંયોજક જાગૃતીબેન રાવલ તથા અન્ય શિક્ષકવૃંદએ પણ સારી કામગીરી કરી હતી.



સેક્ટર-૩૦ સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ, શિક્ષકોએ અને વાલીઓએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ઉમા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન સેકટર-૧૨ ગાંધીનગર દ્વારા વિવિધ સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દરેક સમાજમાં યુવાનો એક શક્તિ હોય છે. સામાજિક કે ધાર્મિક સંસ્થાઓને સુચારુરૂપ ચલાવવા યુવાનોને પણ સહભાગી બનાવવવા જોઈએ. કડવા પાટીદાર સમાજના ગાંધીનગરમાં જુદા જુદા ૩૦ જેટલા ગોળ-સમાજના સભ્યો વસે છે. આ તમામ સમાજના યુવાનોને રમત-ગમતની પ્રવૃત્તિ દ્વારા જોડીને તેમની શક્તિઓનો સમાજમાં ઉપયોગ કરવાના દીઘર્દ્રષ્ટિવાળા હેતુ સાથે ઉમિયા ક્રિકેટ ટુર્નામેન્ટનું ૫ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧૧ થી ૧૫ એપ્રિલ કુલ- ૫ દિવસ સાંજના ૫:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન યોજાનાર આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કડવા પાટીદાર સમાજના વિવિધ ગોળ-સમાજની ૧૮ ટીમો મેચ રમવા માટે સહભાગી થવાની છે. કોબા સર્કલ, નભોઈ ગામ પાસે આવેલ જે.એસ.પટેલ ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર આ મેચ માટે ટ્રોફી, ટી શર્ટ, ભોજન, બેનર વગેરે માટે દાતાઓએ સુંદર સહયોગ આપ્યો છે. આ ૧૮ ટીમોના તમામ ખેલાડીઓ સાથે ઉમિયા સંસ્થાના હોદ્દેદારોની તા:૩ એપ્રિલના રોજ ૩:૦૦ વાગે ઉમિયા માતાજી સંસ્થાન ખાતે મિટિંગ રાખવામાં આવેલ છે. સમાજના પ્રમુખ મનુભાઇ બી.પટેલ મંત્રી દિનેશભાઈ ડી.પટેલ તથા ટુર્નામેન્ટ ના કન્વીનર દશરથભાઈ પી.પટેલ તથા ટુર્નામેન્ટ કમિટીના સભ્યો તમામ ખેલાડીઓને માર્ગદર્શન આપશે.

## જે.એમ.પી. ગોપાલક સ્કૂલમાં રસીકરણ કાર્યક્રમનું આયોજન




ગાંધીનગર, તા.૨

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ, સેકટર-૧૫ ખાતે વિદ્યાર્થીઓને કોરોના સામે રક્ષણ આપતી કો-વેકિસન રસી મુકવામાં આવી હતી. આ વેકિસન ૧૨ થી ૧૪ વર્ષના બાળકને અપાઈ હતી. વેકિસનેશન કાર્યક્રમમાં મહાપાલિકાની આરોગ્યની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી હતી. જેમાં શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ વાઘેલા સહિત શિક્ષકગણ હાજર રહ્યા હતા. શાળામાં વિદ્યાર્થીઓને રસીકરણ કરવામાં આવ્યું હતું.

વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ માણસા પ્રેરિત આનંદી માઁ નો વડલો માઁ પાલઈ વિધ્નેશ્વરી ધામ દ્વારા માઁ વિધ્નેશ્વરી જીવદયા રથ માણસા પંથકના ગામોમાં ફરીને અબોલ પશુ પંખી તેમજ જરુરીયાતમંદો માટે રોટલા, રોટલી કે ભાખરી તેમજ જુવાર બાજરી, ઘઉં, ચોખા, કપડાં, પગરખાં અને રમકડાં ઉઘરાવી ને અબોલ પશુ પંખી અને જરુરીયાતમંદો માટે સેવાયજ્ઞ સંસ્થાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા ચાલી રહ્યો છે ત્યારે સેકટર-૩૦ માં આવેલ સ્મશાનમાં જઈને અંદાજે ૧૦૦ કીલો જેટલું પંખી માટેનું ચણ સ્મશાનગૃહના સંચાલક જીલુભાભાઈ ઘાંઘલને અર્પણ કરી પ્રેરણારુપ ઉદાહરણ પુરું પાડયું હતું. સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસે આ સેવાનો સ્વીકાર કરવા બદલ જીલુભા ઘાંઘલનો આભાર માન્યો હતો. જીલુભાભાઈ ઘાંધલે સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસના આ સેવાકાર્યને બિરદાવીને શુભકામનાઓ પાઠવી હતી.






ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના માન. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે ગાંધીનગર સેક્ટર-૭ની સરકારી શાળાના નિર્માણાધિન નવા બિલ્ડીંગની સ્થળ મુલાકાત લીધી હતી અને કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું.

## આઈઆઈટી ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થાને ૫૦ લાખનું દાન આપ્યું

ગાંધીનગર, તા.૨

ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાર્થીઓ હંમેશા પોતે જ્યાંથી જ્ઞાન મેળવ્યું હોય છે તે શિક્ષણ સંસ્થાઓના જીવનભર ઋણી રહેતાં હોય છે અને આ બાબતની પ્રતિતિ તાજેતરમાં ગાંધીનગર ખાતેની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા આઈઆઈટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પુરી પાડી છે. આઈઆઈટી-ગાંધીનગરના આશરે ૫૦ ટકા જેટલાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મળીને વર્ષ-૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન સંસ્થાના વિદ્યાર્થીઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે કુલ રૂ. ૫૦ લાખનું દાન આપ્યું છે જે દેશના શૈક્ષણિક સંકુલોમાં એક વિક્રમી ઘટના છે.

## સરસ્વતી વિદ્યાલયમાં નશાબંધી વિશેનો કાર્યક્રમ યોજાયો



સેકટર-૯માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં તા. ૧-૪-૨૦૨૨ શુક્રવારના રોજ નશાબંધી વિશેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં નશાબંધી અને આબકારી વિભાગના ગુજરાત રાજયના ડાયરેકટર સુનિલકુમાર આઈએએસ તેમજ તેમના સહકર્મચારી હાજર રહ્યા હતા.સાંપ્રત પ્રવાહમાં નશાખોરીનુ દૂષણ સમાજમાં મોટા પ્રમાણમાં વ્યાપ્ત થઈ ગયું છે તેને દૂર કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે તેના ઉપક્રમે નશાબંધી અને આબકારી વિભાગના ગુજરાત રાજયના ડાયરેકટર સુનિલકુમાર આઈએએસ પોતે આગેવાની લઈ સમાજમાંથી નશાના દૂષણો દૂર થાય તે માટે વ્યકિતગત સ્કૂલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ યોજી વિદ્યાર્થીઓને શિક્ષકોને જાગૃત કર્યા હતા. ઉપરાંત તેમણે પોતાના જીવનનો પરિચય આપીને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં નશાથી મુકત રહીને સારી બાબતોનો નશો કરવાની સલાહ આપી હતી.

## ખેલમહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં આર.એન. પટેલ સ્કૂલનો ઉત્કૃષ્ટ દેખાવ



ગાંધીનગર, તા.૨

ખેલ મહાકુંભ-૨૦૨૨ ની તાલુકા (ઝોન-એ) કક્ષાની સ્પર્ધામાં આર.એન.પટેલ પ્રાથમિક શાળા સેકટર-૨૩ ગાંધીનગરના અંડર-૧૧ અને અંડર-૧૪ જૂથમાં બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ નીચેની સ્પર્ધાઓમાં વિજેતા ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જેમાં વય જૂથ અંડર-૧૧માં (૧) ચાવડા દિવ્યાબા (૫-એ) ૫૦ મીટર દોડ - પ્રથમ ક્રમ (૨) વસાવા ભાવિન (૫-એ) સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ - પ્રથમ ક્રમ (૩) જાડેજા સાક્ષીબા (૫-બી) સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ - પ્રથમ ક્રમ, (૪) ત્રિવેદી રાજવી (૫-એ) ૫૦ મીટર દોડ - દ્વિતીય ક્રમ, (૫) ચૌહાણ કરણ વિક્રમસિંહ (૫-સી) ૫૦ મીટર દોડ – તૃતીય ક્રમ, (૬) મનસુરી અરહાન (૬-બી) સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ - તૃતીય ક્રમ અને (૭) પટેલ દક્ષ (૪-સી) ચેસ - તૃતીય ક્રમે વિજેતા થયા હતા તથા વય જૂથ અંડર-૧૪માં (૧) ખો-ખો ની ટીમ - પ્રથમ ક્રમે અને (૨) કબડ્ડીની ટીમ - દ્વિતીય ક્રમે વિજેતા થઈ હતી.

ખેલ મહાકુંભ- ૨૦૨૨ ની જુદી જુદી સ્પર્ધાઓ અને કબડીની ટીમ તથા ખો - ખો ની ટીમ માં ખુબ જ સરસ દેખાવ કરી વિજેતા થયા હતા. શાળાના આચાર્ય દશરથભાઈ કે.પટેલ અને તમામ શિક્ષકગણએ બાળકોને પ્રોત્સાહિત કરી અગાઉની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સારો દેખાવ કરે તે માટે અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખા, સાડીનું વિતરણ



ગાંધીનગર, તા. ૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાનાં શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે ૭૭ લાભાર્થીને ૩ કી.ગ્રા. ચોખા, ચા ના પેકેટ, બિસ્કીટ તથા ગડાદરમાં બધાને સાડી અને શોભાયડામાં મેલેમાઈન ડીશ તથા બાઉલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં મિલિંદ ગુપ્તે, વિપુલ વસાવા તથા ભીમકુમાર ઉપસ્થિત રહી સેવાકાર્ય કર્યુ હતુ.

## ઉનાળામાં મહુડાના ફૂલની ડોળી ખૂબ ગુણકારી

### મહુડાની ડોળીમાંથી તેલ બને છે જેનો ઉપયોગ સાબુની બનાવટમાં થાય છે





ગાંધીનગર, તા.૨

ઉનાળામાં મહુડાના વૃક્ષ પર ડોળી નામનું ફળ લાગે છે. આ ડોળીને ફોડીને તેને સૂકવવામાં આવે છે ત્યારબાદ તેનું પીલાણ કરવામાં આવે છે. આ ડોળીમાંથી તેલ પ્રાપ્ત થાય છે જે આરોગ્ય માટે ખૂબ જ સારું હોય છે. મહુડાના વૃક્ષ ખાસ કરીને જંગલ અને ગામડામાં જોવા મળે છે. તેની ઊંચાઈ ૩૦-૪૦ ફૂટ અને તેના પાન ૩-૪ ઈંચના જોવા મળે છે. ઔષધમાં મહુડાના ફુલો કામ કરે છે. તેના ફુલ મોતી જેવા મોટા, પીળા, સફેદ રંગના જોવા મળે છે જેને ડોળી કહે છે. ઉનાળામાં તેના ફૂલ પાકે એટલે તેને વીણીને સૂકવીને તેને શેકીને ખાવામાં આવે છે. તેના રોટલા અને ફૂલમાંથી પૂંકેસર દૂર કરી જીરાનો વઘાર કરીને શાક બનાવવામાં આવે છે. તેના ફૂલ મીઠા, શીતળ, વજન વધારનાર છે. અરવલ્લી, સાબરકાંઠા, દક્ષિણ ગુજરાતમાં મહુડાના વૃક્ષો વધારે જોવા મળે છે.

મહુડાના વૃક્ષોએ આદિવાસીઓ માટે કલ્પવૃક્ષ છે. હોળીના તહેવાર પછી ખેતીનો ખાસ કોઈ વિકલ્પ ન હોઈ તેઓ ખેતીના વિકલ્પ રૂપે મહુડાના ફુલ એકઠા કરવાની પ્રવૃત્તિમાં જોતરાય છે. બિનખેતીના સમયમાં મહુડાના ફૂલ વીણવાની પ્રવૃત્તિ આદિવાસીઓ માટે આવકનું સાધન બની રહે છે. ડોળીને સૂકવીને ઘાણીમાં પીલાણ કરાવીને તેલ બનાવે છે જેને ડોળિયું કહે છે. જે રસોઈ અને દવા તરીકે ઉપયોગમાં લેવાય છે. મહુડાની ડોળીના તેલનો ઉપયોગ ત્વચાની દેખભાળ, સાબુ અથવા ડિટર્જન્ટ બનાવવા માટે વાનસ્પતિક માખણમાં રૂપમાં કરવામાં આવે છે. મહુડાના ફૂલ ઉપરાંત તેના વૃક્ષની છાલ, પાડા અને બીજ પણ ખુબ ગુણકારી હોય છે.

મહુડાના ફૂલનો ઉકાળો બનાવી સવાર સાંજ પીવાથી શરદી દૂર થાય છે. તેના ફૂલને દૂધમાં ઉકાળીને પીવાથી શરદી-તાવ મટે છે. શરીરના કોઈ પણ ભાગમાં થતા દુખાવામાં મહુડાના તેલની માલીશ કરવાથી દુખાવો દૂર થાય છે. મહુડાના ફૂલને પીસીને વિષવાળા ભાગ પર લેપ કરવાથી વિષ ફેલાતું નથી અને તેમાં રાહત થાય છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા મયુરધ્વજસિંહ ભીખુસિંહ, ઉ.વ. ૩૩, લેકાવાડા
- સ્વ. શાહ ઉર્મિલાબેન ઈન્દ્રવદન, ઉ.વ. ૮૨, સેકટર-૨૨
- સ્વ. બિહોલા કેશરબેન કેશરીસિંહ, ઉ.વ. ૯૪, પાલજ જૂના
- સ્વ. રાણા દિનેશસિંહ ફુલસિંહ, ઉ.વ. ૭૭, વાવોલ
- સ્વ. પરમાર જયદીપ ભરતકુમાર, ઉ.વ. ૨૦, સેકટર-૨૪
- સ્વ. ઝાલા રણજીતભાઈ જયંતિભાઈ, ઉ.વ. ૨૫, છાણીયેલ, દસક્રોઈ